સુરતના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં, મુકામ – સુરત

ફોજદારી કેસ નંબર–૨૬૩૮/૨૦૨૬

:: ચાર્જશીટ (આંક–૧) લગત હુકમ ::

1. ત.ક.અ.શ્રીએ આરોપી/ઓ વિરૂદ્ધ **THE PROHIBITION OF ELECTRONIC CIGARETTES (PRODUCTION, MANUFACTURE, IMPORT, EXPORT, TRANSPORT, SALE, DISTRIBUTION, STORAGE AND ADVERTISEMENT) ACT**, 2019 ની કલમ–4,7 મુજબના ગુન્હા અંગે ચાર્જશીટ કર્યુ છે. આજરોજ આરોપી/ઓ અદાલત સમક્ષ હાજર છે. આરોપી/ઓને ક્રિમી.પ્રોસી.કો.ક.૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો આપી અને પ્લી રેકોર્ડ કરતાં આરોપી/ઓ ગુનો કબુલ કરેલ છે. આરોપી/ઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવી પુનરાવર્તન નહીં થાય તેની ખાત્રી આપી છે. આરોપી/ઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેમ સમજાવવામાં આવ્યા છે, પરંતુ તેઓ કોઈ દબાણ વિના સ્વેચ્છાપૂર્વક ગુના કબુલાત પ્લીમાં સહી કરી છે. આરોપીઓ/એ પોતે ગરીબ વર્ગના અને કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ હોવાનું જણાવી તેમના ઉપર દયા રાખી કાયદામાં દર્શાવેલી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા પણ વિનંતી કરી છે.

2. આરોપી/ઓની ગુના કબુલાત અંગે મૌખિક રજૂઆત ધ્યાને લેતા ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે. આરોપી/ઓ તરફે કરવામાં આવેલ રજૂઆત ધ્યાને લેતા આરોપીઓ કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યકતિ છે, પરિવારનું ગુજરાન ચલાવવાની જવાબદારી તેમના શીરે છે. આરોપી/ઓએ અત્રેની અદાલત સમક્ષ ગુનો કર્યાનો પણ અફસોસ વ્યક્ત કર્યો છે. મૌખિક રજૂઆત મુજબ આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં કોઈ ગુનો નહીં કરે તે અંગેની ખાત્રી આપે છે. જે તમામ હકિકતો, કલમ–૧૨ ની સજાની જોગવાઈ ધ્યાને લેતા તેમજ ના.ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૫) **GLR** ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને રાખી આરોપીઓને હળવી માત્રામાં સજા કરવામાં આવશે તો તે ઉચિત હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. સબબ કામે ન્યાયના હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

1. આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે, **THE PROHIBITION OF ELECTRONIC CIGARETTES (PRODUCTION, MANUFACTURE, IMPORT, EXPORT, TRANSPORT, SALE, DISTRIBUTION, STORAGE AND ADVERTISEMENT) ACT**, 2019 ની કલમ–૪,૫,૭,૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.
2. આરોપીઓને **THE PROHIBITION OF ELECTRONIC CIGARETTES (PRODUCTION, MANUFACTURE, IMPORT, EXPORT, TRANSPORT, SALE, DISTRIBUTION, STORAGE AND ADVERTISEMENT) ACT**, 2019 ની કલમ–૪,૫,૭,૮ ના ભંગ બદલ રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો આરોપીઓને વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ કરવાનું ફરમાવવામાં આવે છે.
3. આરોપીઓએ ભરવાપાત્ર કુલ દંડ રૂા.૪૦,૦૦૦/– અંકે રૂપિયા ચાળીસ હજાર પુરા થાય છે.
4. અપીલ સમય પુરો થયા બાદ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો. વાહન કે કિંમતી મુદ્દામાલ કબજે લીધા હોય તો ત.ક.અ.શ્રીએ, ભવિષ્યમાં ગુનામાં ઉપયોગમાં નહીં લેવા અંગે કડક સચના આપી, મુદ્દામાલની કાનુની માન્યતાની, વૈધ્યતાની તથા મુળ માલિકીની ખાતરી કરી માલિકને પરત કરવું.

હુકમ આજ તા.૧૪મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ને રાષ્ટ્રીય લોક અદાલતના રોજ સ્પેશ્યલ સીટીંગમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ – ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ – સુરત

જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત